# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી :-`

## પ્રજાસતાક પર્વ ૨૦૨૦ની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બાળ તંદુરસ્તી હરીફાઈ યોજાઈ

તારીખ: ૨૦-૦૧-૨૦૨૦




પ્રજાસતાક પર્વ ૨૦૨૦ ની રાજ્ય કક્ષાની ઉજવણી રાજકોટ શહેરમાં કરવામાં આવે છે, જેમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ શ્રેણીબધ્ધ કાર્યક્રમોનં આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તારીખ: ૧૮-૦૧-૨૦૨૦ ના રોજ અટલ બિહારી બાજપાઈ ઓડિટોરિયમ, પેડક રોડ ખાતે “બાળ તંદુરસ્તી હરીફાઈ” નું આયોજના કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં બાળકો અને વાલીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમાં નાયબ મ્યુનિ. કમિશનરશ્રી બી. જી. પ્રજાપતિ, કોર્પોરેટરશ્રી દેવુબેન જાદવ, શ્રી પ્રીતીબેન પનાર, ડો. હેમાણી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી પંકજ રાઠોડ અને શ્રી મનીષ ચુનારા, ડે. મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ શ્રી ભૂમિબેન તેમજ CDPO ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં બે કેટગરી વાઈઝ તંદુરસ્ત બાળક સ્પર્ધા રાખવામાં આવી હતી, ૦ થી ૩ વર્ષના બાળકો અને ૩ થી ૬ વર્ષના બાળકો માટે તંદુરસ્તી હરીફાઈ રાખવામાં આવી હતી. બંને કેટગરીમાં પ્રથમ ૧૦ નંબરે આવનાર બાળકોને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પુરસ્કાર આપવામાં આવેલ હતા.

આ કાર્યક્રમાં બાળકની તંદુરસ્તી માટે બાળકોનું સંપૂર્ણ શરીરની ચકાસણી કરવામાં આવે છે અને તેના પરથી નિષ્ણાંતો દ્વારા સૌથી તંદુરસ્ત બાળક નક્કી કરવામાં આવે છે.

આ કાર્યક્રમાં રાજકોટ મહાનગરપાલિકાના ICDS સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી અને કોમ્યુનિટી ઓર્ગનાઇઝર શ્રી દિપ્તીબેન અગરિયા દ્વારા સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

(જન સંપર્ક અધિકારી)